# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૨૬ તા.૨૧-૬-૧૭**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

**વિષય :- શાળા સલામતી કાર્યક્રમના આયોજન બાબત.**

**સંદર્ભ :- ડીએમબી/શાળા સલામતી કાર્યક્રમ-૨૦૧૭/વશી/૨૦૧૭**

આથી મ્યુનિ.શાળાઓ તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી કાર્યક્રમ -૨૦૧૭ અંતર્ગત શાળા સલામતી સપ્તાહની ઉજવણી તા.૨૭ જૂન ૨૦૧૭ થી ૦૧ જુલાઈ ૨૦૧૭ દરમ્યાન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ શાળાઓના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોમાં આપત્તિ પરત્વે જાગૃતતા કેળવવાનો છે.

સપ્તાહની ઉજવણીના પ્રથમ દિવસ તા.૨૭/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૧૧: ૦૦ કલાકે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવનાર છે. જેનુ બ્રોડકાસ્ટીંગ બાયસેગ મારફત રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં કરવામા આવશે. ઉકત અનુસંધાને કાર્યક્રમ સફળ બનાવવા નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવમાં આવે છે.

(૧) તા.૨૭/૦૬/૨૦૧૭ ના રોજ શાળામાં ઉદઘાટન કાર્યક્રમનું આયોજન કરવું.તેમજ માન.મુખ્યમંત્રીના ઉદબોધન કાર્યક્રમમાં દરેક શાળાના શિક્ષકશ્રીનો અને વિદ્યાર્થીઓએ પોતાની શાળામાં બાયસેગ મારફત કાર્યક્રમ નિહાળવો.

(૨) અગાઉ જણાવ્યા મુજબ દરેક શાળાએ "શાળા સલામતી પ્લાન" તૈયાર કરી prashant.makwana@yahoo.co.in બિનચૂક મેઈલ કરવો.

(૩) આ સાથે સામેલ પત્રક મુજબ સપ્તાહ દરમ્યાન શાળા કક્ષાએ કામગીરી કરવી.જેમાં (૧) આપત્તિઓની સમજ,આપત્તિ,વ્યવસ્થાપન,ઓડિયો,વિડિયો,પોસ્ટર દ્વારા માહિતી આપવી,વિવિધ સ્પર્ધાઓનું આયોજન,રેલી,ડેમોસ્ટ્રેશન,મોકડ્રીલ,પ્રાથમિક સારવાર ઈત્યાદિ વિષયોને આવરી લઈ કાર્યક્રમો કરવાના રહેશે.

(૪) સપ્તાહ ઉજવણીનો દૈનિક અહેવાલ,ફોટોગ્રાફ્સ,મિડિયા કવરેજ,પ્રતિભાવ ઈત્યાદિ વિગતો અત્રેના જીલ્લા પ્રોજેક્ટ ઓફિસરશ્રી પ્રશાંતકુમાર મકવાણા (મો.નં-૯૮૨૫૪૯૮૩૧૫) ને prashant.makwana@yahoo.co.in દરરોજ મોકલવા.

**આમ ઉક્ત કાર્યક્રમને ટોચ અગ્રતા આપી સફળ બનાવવા જરૂરી આયોજન કરી કાર્યક્રમ પૂર્ણ થયેથી અહેવાલ આપની શાળાના બિટ સુપરવાઈઝરશ્રીને રજૂ કરવા જણાવવામાં આવે છે.**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## શાળા સલામતી દરમ્યાન શાળામાં કરવાની થતી પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

| તારીખ | શાળામાં કરવાની થતી પ્રવૃતિઓ |
|---|---|
| 27/06/2017 | • ઉદઘાટન<br>• આપત્તિ,જોખમ,અસુરક્ષિતતા અને ક્ષમતાઓની સમજ આપવી<br>• શાળા આપતિ વ્યવસ્થાપન યોજના અંગેની સમજ આપવી |
| 28/06/2017 | • શૈક્ષણિક સંસાધનો દ્વારા પૂર અને વાવાઝોડા જેવી આપત્તિઓ અને પ્રતિભાવ અંગે જાગૃતિ કેળવવી.<br>• આપતિ નિવારણ જાગૃતિ માટેની ફિલ્મનું સ્ક્રીનિંગ |
| 29/06/2017 | • આગ,ભૂકંપ અને માર્ગ અકસ્માત જેવી આપત્તિઓ અને પ્રતિભાવ અંગે જાગૃતિ કેળવવી<br>• બિન માળખાકીય જોખમોને જાણવા અને તેના નિવાવરણ અંગેની સમજ આપવી અને શાળાનું તે પ્રમાણે આંકલન કરવું |
| 30/06/2017 | • શોધ અને બચાવ કાર્ય તથા પ્રાથમિક સારવાર અંગેની જાગૃતિ કેળવવી<br>• સૂત્ર અને ચિત્રસ્પર્ધા યોજવી શાળાનાં બાળકો માટે પ્રોજેક્ટની હરિફાઈ યોજવી |
| 1/07/2017 | • આપત્તિ સમયે શાળા ખાલી કરાવવા માટેનો અભ્યાસ કરવો (મોકડ્રીલ)<br>• ઈનામ વિતરણ |

# શાળા સપ્તાહની ઉજવણી – ૨૦૧૭

| ક્રમ | શાળાનું નામ | તારીખ | કાર્યક્રમની વિગત | શાળા સમય |
|---|---|---|---|---|
| ૧ | હાથીજણ – ૨ | ૨૭/૦૬/૨૦૧૭ | ફાયર ડેમો | ૯:00 કલાકે |
| ૨ | નારણપુરા – ૪ | ૨૮/૦૬/૨૦૧૭ | ફાયર ડેમો | ૯:00 કલાકે |
| 3 | બાપુનગર – ૧૩ | ૨૯/૦૬/૨૦૧૭ | ફાયર ડેમો | ૯:00 કલાકે |
| ૪ | નરોડા રોડ - ૧ | 30/૦૬/૨૦૧૭ | ફાયર ડેમો | ૯:00 કલાકે |

| ક્રમ | શાળાનું નામ | તારીખ | કાર્યક્રમની વિગત | શાળા સમય |
|---|---|---|---|---|
| ૧ | એસ આર પી - ૨ | ૨૭/૦૬/૨૦૧૭ | એન ડી આર એફ ડેમો | ૯:00 કલાકે |
| ૨ | એલીસબ્રીજ – ૨ | ૨૮/૦૬/૨૦૧૭ | એન ડી આર એફ ડેમો | ૯:00 કલાકે |
| 3 | અંબિકા હિ -૧,૨ | ૨૯/૦૬/૨૦૧૭ | એન ડી આર એફ ડેમો | ૯:00 કલાકે |
| ૪ | અસારવા – ૧૧ | 30/૦૬/૨૦૧૭ | એન ડી આર એફ ડેમો | ૯:00 કલાકે |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ક્રમ | શાળાનું નામ | તારીખ | કાર્યક્રમની વિગત | શાળા સમય |
|---|---|---|---|---|
| ૧ | વાડજ – ૧,૨ | ૨૭/૦૬/૨૦૧૭ | ૧૦૮ ડેમો | ૯:૦૦ કલાકે |
| ૨ | બાપુનગર -૩ | ૨૮/૦૬/૨૦૧૭ | ૧૦૮ ડેમો | ૯:૦૦ કલાકે |
| ૩ | સરસપુર – ૧૧ | ૨૯/૦૬/૨૦૧૭ | ૧૦૮ ડેમો | ૯:૦૦ કલાકે |
| ૪ | બહેરામપુરા ઉ - ૨ | ૩૦/૦૬/૨૦૧૭ | ૧૦૮ ડેમો | ૯:૦૦ કલાકે |

| ક્રમ | શાળાનું નામ | તારીખ | કાર્યક્રમની વિગત | શાળા સમય |
|---|---|---|---|---|
| ૧ | અમરાઈવાડી – ૧૬ | ૨૭/૦૬/૨૦૧૭ | આઈ આર સી એસ ડેમો | ૯:૦૦ કલાકે |
| ૨ | સાબરમતી - ૫ | ૨૮/૦૬/૨૦૧૭ | આઈ આર સી એસ ડેમો | ૯:૦૦ કલાકે |
| ૩ | સરસપુર – ૧૪ | ૨૯/૦૬/૨૦૧૭ | આઈ આર સી એસ ડેમો | ૯:૦૦ કલાકે |
| ૪ | કાંકરિયા -૬ | ૩૦/૦૬/૨૦૧૭ | આઈ આર સી એસ ડેમો | ૯:૦૦ કલાકે |

તા.૨૧-૬-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી